સી.એમ.ગોહિલ
ઉપ સચિવ

પત્ર ક્રમાંક : નપલ-૪૫૨૦૦૧-૫-મ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભ
બ્લોક નં.૧૪, નવમો માળ,
સચિવાલય, ગાંધીનગર.
ફોન: ૫૧૦૨૩
તારીખ : 9 MAY 2001

પ્રતિ,
શ્રી વી.સી.ત્રિવેદી, આઇએએસ
નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય
જુની વિધાનસભાનું મકાન,
સેકટર-૧૭, ગાંધીનગર.

વિષય : ઓકટ્રોય નાબુદીના પરિણામે ફાજલ થતાં કર્મચારીઓને અન્યત્ર સમાવવા અંગે

શ્રીમાન,

રાજય સરકારે તા.૩૦.૪.૨૦૦૧ ના રોજ વટહુકમ બહાર પાડી તા.૧.૫.૨૦૦૧ થી રાજયની તમામ નગરપાલિકાઓમાં ઓકટ્રોય નાબુદ કરી છે. જે અંગેની જાણ આ પહેલાં આપને કરવામાં આવી છે. ઓકટ્રોય નાબુદીના પરિણામે ઓકટ્રોયની કામગીરી સાથે સંકળાયેલ સ્ટાફ ફાજલ પડે છે. આ બાબતે નીચે મુજબની કાર્યવાહી કરવા રાજયની તમામ નગરપાલિકાઓના ધ્યાન પર લાવવા વિનંતી છે :

૧. સ્થાનિક સંસ્થાઓનું મહેકમ એ જે તે સ્થાનિક સંસ્થાઓની જવાબદારી છે, એટલે કે આ મહેકમની જવાબદારી ઓકટ્રોય નાબુદ થતાં રાજય સરકારને સોંપી શકાય નહિ.
૨. ઓકટ્રોયના ફાજલ સ્ટાફને જે તે સ્થાનિક સ્વરાજય સંસ્થામાં સમકક્ષ ખાલી જગ્યામાં સમાવવાના રહેશે અને આ કાર્યવાહી પાંચ વર્ષમાં પુરી કરવી અને ત્યાં સુધી નવી ભરતી ન કરવી.
૩. ઓકટ્રોયના ફાજલ સ્ટાફને જરૂર પડે તાલીમ આપી તેઓનો અન્ય સંવર્ગોમાં ઉપયોગ થઇ શકતો હોય તો તે પણ શકયતા સ્થાનિક સસ્થાઓએ વિચારવી.
૪. જયાં સુધી આ ફાજલ સ્ટાફને અન્ય જગ્યા પર સમાવી ના શકાય ત્યાં સુધી આ સ્ટાફનો ઉપયોગ વેરા વસુલાતમાં ઝડપ લાવવા તથા આકારણી કરવા તથા અન્યત્ર વિકાસના કામોમાં વાપરી શકાશે.

ઉપર્યુકત બાબતે કરેલ કાર્યવાહીની તુરત જ આ વિભાગને જાણ કરવા પણ વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(સી.એમ.ગોહિલ)
ઉપ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

નકલ તાત્કાલિક જરૂરી કાર્યવાહી માટે રવાના:-
શ્રી ગીરીશભાઇ શાહ, પ્રાદેશિક નિયામકશ્રી, રાજકોટ.